# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ-કરમસદ મહાનગરપાલિકાનો કડક આદેશ | ૩૦ દિવસમાં ફાયર એનઓસી ફરજીયાત

# આણંદમાં ફાયર એનઓસી નહીં હોય તેવી મિલકતો સીલ કરાશે

**૧૫ મીટરથી વધુ** ઊંચી ઈમારતો અને શૈક્ષણિક સંકુલો માટે ફાયર સેફ્ટીનું પાલન અનિવાર્ય




(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

કરમસદ - આણંદ મનપાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા જાહેર જનતાની જાન-માલની સલામતી માટે એક મહત્વપૂર્ણ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. હાઈકોર્ટમાં ચાલી રહેલી પીઆઈએલ અને ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ હેઠળ, પાલિકા વિસ્તારની તમામ ઊંચી ઈમારતો અને વ્યાવસાયિક સંકુલોના માલિકો તેમજ ટ્રસ્ટીઓને ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન કરવા તાકીદ કરાઈ છે. જે મિલકતધારકો પાસે ફાયર એનઓસી નથી અથવા રિન્યુ કરાવવાનું બાકી છે, તેમને ૩૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.


કરમસદ - આણંદ મનપાએ સ્પષ્ટ કર્યું છે કે ઈમારતોમાં માત્ર ફાયર સેફ્ટીના સાધનો લગાડવા પૂરતા નથી, પરંતુ તે ટેકનિકલ દ્રષ્ટિએ કાર્યરત હોવા પણ એટલા જ અનિવાર્ય છે. મિલકતધારકોએ દર ૬ મહિને ફરજિયાત પણે મોકડ્રીલ અને ઈન્સ્પેક્શનની કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે. આ ઉપરાંત, ઈમારતના સ્ટાફને અગ્નિશમન સાધનો ચલાવવાની પૂરતી તાલીમ આપવાની જવાબદારી પણ સંચાલકોની રહેશે.

જો નિયત સમયમર્યાદામાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવામાં નહીં આવે, તો તંત્ર દ્વારા મિલકતને સીલ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે. નોંધનીય છે કે, જો ભવિષ્યમાં આવી મિલકતોમાં આગ કે અકસ્માતની કોઈ ઘટના બનશે, તો તેની સંપૂર્ણ કાનૂની અને આર્થિક જવાબદારી મિલકતના માલિક કે સંચાલકોની રહેશે તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે.

#### કોના માટે ફાયર NOC ફરજિયાત?

- » ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ ઈમારતો.
- » ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક અને સંસ્થાકીય ઈમારતો.
- » હોટેલ, હોસ્પિટલ અને ૫૦૦ ચો.મી.થી વધુ એરિયા ધરાવતા વ્યાપારિક સંકુલો.
- » તમામ એસેમ્બલી બિલ્ડીંગો, બહુમાળી કાર પાર્કિંગ અને બેઝમેન્ટ ધરાવતી મિલકતો.
- » ફેક્ટરી એક્ટ હેઠળ ન આવતી જોખમી ઈમારતો.

### આણંદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાઇ




વિદ્યાનગર સ્થિત ઇસ્કોન મંદિર દ્વારા 22મી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ ટાઉન પોલીસ સ્ટેશનથી શરૂ થયેલી રથયાત્રા મોડી સાંજે વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે પહોંચી હતી. આ દરમિયાન આણંદ અને વિદ્યાનગરના રાજમાર્ગો પર રથયાત્રા ફરી હતી અને ભગવાન જગન્નાથજીએ નગરચર્યા કરીને ભક્તોને દર્શન આપ્યાં હતાં. આ રથયાત્રા દરમિયાન હજારો ભક્તોએ રથ ખેંચી ધન્યતા અનુભવી હતી. જ્યારે આણંદ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહ્યો હતો. જ્યારે રથયાત્રાના પ્રસ્થાન સમયે સાંસદ મિતેષભાઈ પટેલ સહિત મહાનગરપાલિકાના હોદ્દેદારો હાજર રહ્યાં હતાં. - **રિતેષ દવે**

# નડિયાદના ખેડૂત સાથે ઠગે ૪૦ લાખની ઠગાઈ આચરી

**કલેક્ટર કચેરીમાં** ઓળખાણ હોવાનું કહી વિશ્વાસમાં લીધા

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૬

નડિયાદમાં જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા એક ખેડૂતને ગાંધીનગરના એક શખ્સે જમીન બિનખેતી કરાવી આપવાની લાલચ આપી રૂ. ૪૦ લાખનો ચૂનો લગાવ્યો હોવાની ઘટના સામે આવી છે.

નડિયાદના પીજ રોડ પર રહેતા પ્રજ્ઞેશકુમાર રમેશભાઈ પંડ્યાએ અમદાવાદના જેતલપુરની એક જમીન વેચાણ લેવા બાનાખત કર્યું હતું. આ જમીન એન.એ. કરાવવા માટે તેમણે ગાંધીનગરના સુરેશકુમાર ભાઈચંદભાઈ ચૌહાણ (સુરભા ચૌહાણ) નો સંપર્ક કર્યો હતો. આરોપીએ અમદાવાદ કલેક્ટર કચેરીમાં પોતાની સારી વગ હોવાનું જણાવી એક માસમાં કામ પતાવી દેવાની ખાતરી આપી ખર્ચ પેટે રૂ. ૪૦ લાખ એડવાન્સમાં માંગ્યા હતા, જે પ્રજ્ઞેશભાઈએ જુલાઈ ૨૦૨૫માં ચૂકવ્યા હતા.

જોકે, ઘણો સમય વીતવા છતાં કામ ન થતા જ્યારે ફરિયાદીએ નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપીએ આપેલા ચેક બાઉન્સ થયા હતા. બાદમાં પોતાની કલોલની જમીન વેચીને નાણાં પરત આપવાની વાત કરી આરોપીએ કલોલ સબ-રજિસ્ટ્રાર કચેરીના નામે 'સર્વર બંધ' હોવાની એક બોગસ નોટીસ વોટ્સએપ પર મોકલી હતી. પ્રજ્ઞેશભાઈએ તપાસ કરતા માલૂમ પડ્યું કે આવી કોઈ નોટીસ કચેરી દ્વારા બહાર પડાઈ ન હતી, જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ખાતરી થતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સુરેશ ચૌહાણ અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિ બદલ સજા પામી ચુક્યો છે.

### કઠલાલ અને ઠાસરા તાલુકામાં ખાણ-ખનિજ વિભાગની સરપ્રાઇઝ ચેકિંગ

# ખેડા જિલ્લામાં ખનિજ માફિયાઓ પર તરાપ, ૮ ડમ્પર સીઝ કરાયાં

**ખાણ - ખનિજ** વિભાગે રૂ. ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી રૂ. ૧૫.૧૫ લાખનો દંડ ફટકાર્યો





(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૬

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ખનિજ સંપત્તિના સંરક્ષણ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા માટે ખેડા જિલ્લા ખાણ અને ખનિજ વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જિલ્લાના કઠલાલ અને ઠાસરા તાલુકામાં કરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન કરોડોનો મુદ્દામાલ જપ્ત કરી ખનિજ ચોરો સામે લાલ આંખ કરવામાં આવી છે,

ખેડા જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી (ઇન્ચાર્જ)ની સૂચનાથી તપાસ ટીમ દ્વારા ૧૫મી જુલાઈ, ૨૦૨૬ના રોજ કઠલાલ અને ઠાસરા પંથકમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન સાદી રેતી અને બ્લેકટ્રેપ ખનિજનું બિનઅધિકૃત રીતે વહન કરતા કુલ ૦૮ ડમ્પરો ઝડપી પાડવામાં આવ્યા હતા. વિભાગ દ્વારા તમામ વાહનો સહિત અંદાજે રૂ. ૨ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે વિભાગે કડક હાથે કામગીરી કરી કુલ રૂ. ૧૫.૧૫ લાખની દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે ખાણ અને ખનિજ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે આગામી સમયમાં પણ ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ સામે આકસ્મિક તપાસ ચાલુ રહેશે અને કાયદેસરના પગલાં લેવામાં આવશે.

ખેડામાં ખનિજ માફિયાનો ત્રાસ સતત વધી રહ્યો છે. ગૌચરમાં પણ આડેધડ ખનન કરીને પર્યાવરણને પારાવાર નુકશાન પહોંચાડી રહ્યાં છે.

# ઓડમાં મિનીટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં ૧નું મોત

**પાર્કિંગ લાઈટ વગર** અંધારામાં ઉભેલી ટ્રકે આશાસ્પદ યુવકનો ભોગ લીધો

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૬

આણંદ જિલ્લાના ઓડ-ઉમરેઠ રોડ પર ઓડ કોલેજ નજીક નાયરા પેટ્રોલ પંપ સામે ગત બુધવારની રાત્રે જાહેર માર્ગ પર બેદરકારીપૂર્વક પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વિના ઉભેલી એક આઈસર ટ્રક પાછળ બાઈક અથડાતાં ૨૬ વર્ષીય આશાસ્પદ યુવક જયદીપકુમાર મહેન્દ્રભાઈ પરમારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે બાઈક પર સવાર અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ ઘટનાની વિગતો મુજબ, ઉમરેઠ તાલુકાના બાજીપુરા ગામના રહેવાસી જયદીપકુમાર (ઉં.વ. ૨૬) ગત ૧૫મી જુલાઈના રોજ તેમના બે મિત્રો સાથે વડોદરા ખાતે ફ્રિજ રીપેરીંગનું કામ પતાવી મોટરસાયકલ પર પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે સાડા નવ વાગ્યાના સુમારે ઓડ કોલેજ પાસે, એક આઈસર ટ્રકના ચાલકે કોઈપણ પ્રકારના સંકેત કે પાર્કિંગ લાઈટ વિના વાહન જોખમી રીતે રસ્તા પર જ પાર્ક કર્યું હતું. આ પાર્ક કરેલી ટ્રક અંધારામાં ન દેખાતા જયદીપકુમારનું મોટરસાયકલ ટ્રક પાછળ ધડાકાભેર અથડાયું હતું. આ ભયાનક ટક્કરમાં જયદીપને ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. બાઈક પર સવાર અન્ય બે ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ખંભોળજ પોલીસે આ મામલે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

### ઉમરેઠમાં કેનાલ તૂટતા 30 પરિવારોનું રેસ્ક્યુ; કેળ અને ડાંગરનો પાક પાયમાલ



ઉમરેઠ તાલુકાના બેચરીથી હમીદપુરા જતી મુખ્ય કેનાલમાં બુધવારની મધરાતે ૨૦ ફૂટનું મોટું ગાબડું પડતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. કેનાલના ધસમસતા પાણી રહેણાંક વિસ્તારો અને ખેતરોમાં ઘૂસી જતાં તંત્રએ તાત્કાલિક ધોરણે 30 પરિવારોને રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડ્યા હતા. આ ઘટનાની ગંભીરતા જોઈ ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર સહિત મામલતદાર અને સિંચાઈ વિભાગનો કાફલો રાત્રે જ સ્થળ પર દોડી ગયો હતો. કેનાલના પાણી ફરી વળતા હમીદપુરા સીમમાં તૈયાર થયેલા મરચી, ડાંગર અને કેળના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જેનાથી ધરતીપુત્રો પાયમાલ થયા છે. હાલમાં કેનાલનું પાણી બંધ કરી જેસીબી મશીનો દ્વારા માટી પુરાણની કામગીરી હાથ ધરવામાં આવી છે. એક તરફ કેનાલની મરામત ચાલુ હતી અને બીજી તરફ વરસાદ વચ્ચે સિંચાઈ માટે પાણી છોડાતા આ ગાબડું પડ્યું હોવાનું મનાય છે

# બીડજ રેડિયો સ્ટેશનમાંથી ૧.૯૦ લાખની મતા ચોરાઈ

**એન્ટેના ટ્યુનિંગ** યુનિટના રૂમનું તાળું તોડી તસ્કરો કોઇલ અને પ્લેટો લઈ ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૬

ખેડા તાલુકાના બીડજ ખાતે આવેલા આકાશવાણી કેન્દ્રના રેડિયો સ્ટેશનમાં તસ્કરોએ ત્રાટકીને રૂ. ૧.૯૦ લાખની કિંમતના કોપરના સાધનોની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. રેડિયો સ્ટેશન ચાલુ ન થતા તપાસ દરમિયાન આ ચોરીનો ખુલાસો થયો હતો, જે અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીડજ ગામમાં અમદાવાદ આકાશવાણી કેન્દ્રનું રેડિયો સ્ટેશન આવેલું છે. ગત ૧૩મી તારીખની રાત્રે તસ્કરોએ રેડિયો સ્ટેશનના એન્ટેના ટ્યુનિંગ યુનિટ (ATU) ના રૂમનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો આ રૂમમાંથી રૂ. ૧.૫૦ લાખની કિંમતની બે કોપર કોઈલ, ૩૦ ફૂટ લાંબી કોપર સ્ટ્રીપ અને ટાવર પાસે રાખેલી કોપરની પાતળી પ્લેટ મળી કુલ રૂ. ૧.૯૦ લાખનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે રેડિયો ચાલુ ન થતા સિક્યુરિટી અધિકારી સંજયકુમાર શુક્લાએ તપાસ કરી અને રૂમનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. આ હાઈ-પ્રોફાઈલ ચોરીની ઘટનાએ રેડિયો સ્ટેશનની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. હાલમાં ખેડા ટાઉન પોલીસે ફરિયાદના આધારે તસ્કરોને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

બીડજ ખાતે આકાશવાણી કેન્દ્ર પર કોપરના સાધનો ચોરાતાં સ્થાનિક તસ્કરોની કરતૂત હોવાનું મનાઈ રહ્યું છે.

### આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠકની પેટા ચૂંટણીમાં ચિત્ર સ્પષ્ટ

# પાળજમાં ત્રિપાંખીયો જંગ ભાજપ માટે પ્રતિષ્ઠાનો સવાલ

**ક્ષત્રિય અને** પટેલ મતદારોના પ્રભુત્વવાળી બેઠક પર આપના 'આયાતી' ઉમેદવાર ફેક્ટર

(પ્રતિનિધિ) પેટલાદ તા. ૧૬

આણંદ જિલ્લા પંચાયતની ખાલી પડેલી પાળજ બેઠકની પેટાચૂંટણી માટેનું રાજકીય ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે કોઈ પણ ફોર્મ પરત ન ખેંચાતા હવે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે. રથયાત્રાના પવિત્ર દિવસે આખરી યાદી પ્રસિદ્ધ થતા જ ઉમેદવારોએ પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે.

પેટલાદના પાળજ બેઠક પર ભાજપના સુમિત્રાબેન પટેલ, કોંગ્રેસના અનુભવી જેસંગભાઈ પરમાર અને 'આપ'ના અલ્પેશભાઈ પઢીયાર વચ્ચે ખરાખરીનો જંગ જામશે. આ બેઠક પરંપરાગત રીતે ભાજપનો ગઢ માનવામાં આવે છે, કારણ કે આ બેઠકમાં સમાવિષ્ટ પેટલાદ તાલુકા પંચાયતની તમામ ૪ બેઠકો ગત ચૂંટણીમાં ભાજપે જીતી હતી. ભાજપ માટે આ ગઢ સાચવવો અનિવાર્ય છે, જ્યારે કોંગ્રેસ આ બેઠક આંચકી લઈ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટેની પોતાની આશા જીવંત રાખવા મરણિયો પ્રયાસ કરી રહી છે.

આ બેઠક પર મુખ્યત્વે ક્ષત્રિય અને પટેલ મતદારોનું વર્ચસ્વ છે. કોંગ્રેસના ઉમેદવાર જેસંગભાઈ પરમાર આ વિસ્તારમાં મજબૂત પકડ ધરાવે છે, પરંતુ આમ આદમી પાર્ટીએ તારાપુરના મિલરામપુરાથી અલ્પેશભાઈ પઢીયારને 'આયાતી' ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારીને રસાકસી વધારી દીધી છે.

અલબત્ત, રાજકીય ગણિત મુજબ, 'આપ'ના ઉમેદવાર ક્ષત્રિય સમાજમાંથી આવતા હોવાથી જો મતોનું વિભાજન થશે, તો તેની સીધી અસર કોંગ્રેસની જીતની સંભાવનાઓ પર પડી શકે તેમ છે. આ બેઠક માટે આગામી ૨૮ જુલાઈના રોજ મતદાન થશે અને ૩૦ જુલાઈના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# સર્પદંશની રસ્તામાં જ 'લાઇવ' સારવાર આપી યુવતીનો જીવ બચાવ્યો

**રૂપપુરાની યુવતીની** હાલત લથડતા 108ના કર્મીઓએ ડોક્ટરની ઓનલાઇન સલાહ મુજબ ઇન્જેક્શન આપ્યા

(પ્રતિનિધિ) મહુધા તા. ૧૬

મહુધા તાલુકાના રૂપપુરા ગામે સર્પદંશનો ભોગ બનેલી એક યુવતી માટે 108 ઈમરજન્સી સેવાના કર્મચારીઓ ખરા અર્થમાં દેવદૂત સાબિત થયા છે. કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રથી વધુ સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ લઈ જતી વખતે યુવતીની સ્થિતિ અતિ નાજુક બનતા, 108ની ટીમે સમયસૂચકતા વાપરી રસ્તામાં જ નિષ્ણાત ડોક્ટરની ઓનલાઈન મદદ મેળવી સારવાર શરૂ કરી તેને મોતના મુખમાંથી બહાર લાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રૂપપુરાની યુવતીને ઝેરી સાપે દંશ મારતા તેનો જીવ જોખમમાં મુકાયો હતો. કઠલાલ ખાતે પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવારની જરૂર પડતા કઠલાલ



IFT 108નો સંપર્ક કરવામાં આવ્યો હતો. 108ના ઈ.એમ.ટી. ઈરફાન કારીગર અને પાયલોટ દેવાંશુભાઈ મકવાણા દર્દીને લઈને નડિયાદ જવા રવાના થયા હતા.

જોકે, રસ્તામાં યુવતીની તબિયત વધુ લથડતા 108ની ટીમે સમય ગુમાવ્યા વગર ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ફિઝિશિયન ડોક્ટરનો ઓન-લાઈન સંપર્ક કર્યો હતો. ડોક્ટરની સૂચના મુજબ રસ્તામાં જ દર્દીને સર્પ દંશ વિરોધી વધારાના ઈન્જેક્શન આપી તેની સ્થિતિ સ્થિર કરવામાં આવી હતી. 108ની ટીમની આ ત્વરિત કામગીરીને કારણે યુવતીને સુરક્ષિત રીતે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરાઈ હતી. યુવતીને નવજીવન મળતા તેના પરિવારજનો અને સિવિલના સ્ટાફે 108ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

#### સાપ કરડેલી યુવતીને સમયસર સારવાર આપી

કઠલાલ તાલુકાના છીપડી ગામે એક યુવતીને ઝેરી સાપ કરડતા તેનો જીવ જોખમમાં મુકાયો હતો. આ ઘટનાની જાણ થતા જ ગોગજીપુરા લોકેશનની 108 ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. 108ના કર્મચારી EMT પરેશ સોઢા પરમાર અને પાયલોટ દિલીપભાઈ સોઢાએ દર્દીની ગંભીર સ્થિતિ જોઈ તુરંત પ્રાથમિક સારવાર શરૂ કરી હતી. ટીમે ERCP ડોક્ટરની ઓનલાઇન મદદ મેળવી યુવતીને સમયસર એન્ટી-સ્નેક વિરોધી ઈન્જેક્શન આપ્યા હતા, જેનાથી તેની સ્થિતિ સ્થિર થઈ હતી. બાદમાં તેને વધુ સારવાર અર્થે કઠલાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી હતી. 108ની ટીમની આ ત્વરિત કામગીરીને કારણે યુવતીનો જીવ બચી જતા પરિવારજનોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225